
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૧૧ * જૂલાઈ, ૨૦૨૨



વીર સભામાં આજ ગૌતમ પધાર્યા,
અમૃત વરસ્યા નેહ રે,
વીરજીની વાણી છૂટી રે...

અષાઢ વદ-૧,
વીરશાસન જયંતી
(ભગવાન મહાવીર દિવ્યધ્વનિ
છૂટવાનો પ્રથમ દિન)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમ એક નરના અનેક અંગ છે, (ત્યાં કોઈ) એક અંગમાં નર નથી; સર્વ અંગરૂપ નર છે. તેમ દ્રવ્યરૂપ, ગુણરૂપ, પર્યાયરૂપ જીવ નથી; જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયનું એકત્વ છે. જો એક અંગમાં જીવ હોય તો જ્ઞાનજીવ, દર્શનજીવ-એ પ્રમાણે અનંતગુણો અનંત જીવ થઈ જાય. માટે અનંતગુણોનો પુંજ જીવવસ્તુ છે. ૧૯૪૫.

(શ્રી દીપચંદજી, ચિદ્‌વિલાસ, પાનું-૬૧)

● પ્રથમ તો શ્રાવકોંકો સુનિર્મલ અર્થાત્ ભલે પ્રકાર નિર્મલ ઔર મેરુવત્ નિઃકંપ, અચલ તથા ચલ, મલિન, અગાઢ દૂષણ રહિત અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો ગ્રહણ કરકે દુઃખકા ક્ષય કરનેકે લિયે ઉસકો અર્થાત્ સમ્યગ્દર્શનકો (સમ્યગ્દર્શનકે વિષયકો) ધ્યાનમેં ધ્યાવના. ભાવાર્થ-શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે. ઈસ સમ્યક્ત્વકી ભાવનાસે ગૃહસ્થકે ગૃહકાર્ય સંબંધી આકુલતા, ક્ષોભ, દુઃખ હોય હૈ વહ મિટ જાતે હૈ, કાર્યકે બિગડને સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ, સમ્યગ્દષ્ટિકે ઈસ પ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના હૈ વૈસા નિરંતર પરિણમતા હૈ, વહી હોતા હૈ, ઈષ્ટ-અનિષ્ટ માનકર દુઃખી સુખી હોના નિષ્ફલ હૈ. ઐસા વિચાર કરનેસે (સમ્યક્ત્વકે વિષયમેં) દુઃખ મિટતા હૈ યહ પ્રત્યક્ષ અનુભવગોચર હૈ ઈસલિયે સમ્યક્ત્વકા ધ્યાન કરના કહા હૈ. ૧૯૪૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૮૬)

● હે પ્રભુ ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ-જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો; એ દુઃખને યાદ કરતાં મારા હૃદયમાં આયુધની જેમ ઘા લાગે છે. ૧૯૪૮.

(શ્રી વાદિરાજ મુનિરાજ, એકીભાવ સ્તોત્ર, પદ-૧૧)

● શાસ્ત્રમાં તો અનેક પ્રકારનો ઉપદેશ આપ્યો છે પણ તેને સમ્યગ્જ્ઞાનમાં યથાર્થ પ્રયોજનપૂર્વક ઓળખે તો હિત-અહિતનો નિશ્ચય થાય. માટે સ્યાત્પદની સાપેક્ષતા સહિત સમ્યગ્જ્ઞાન વડે જે જીવ જિનવચનમાં રમે છે તે જીવ થોડા જ વખતમાં શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. મોક્ષમાર્ગમાં પ્રથમ ઉપાય આગમજ્ઞાન કહ્યો છે. આગમજ્ઞાન વિના ધર્મનું અન્ય સાધન પણ થઈ શકે નહિ. માટે તમારે પણ યથાર્થ બુદ્ધિ વડે આગમનો અભ્યાસ કરવો. એથી તમારું કલ્યાણ થશે.૧૯૪૯.

(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ. ૮, પાનું-૩૦૬)

વર્ષ–૧૬
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૮
July
A.D. 2022



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ચૈતન્યરસથી ભરેલી અનુભૂતિનો ગંભીર મહિમા

(માગશર વદ ૬-૭, સમયસાર કળશ ૯૩-૯૪ ઉપરના પ્રવચનમાંથી)

ચૈતન્યનો અનુભવ નયના પક્ષથી રહિત છે. હું શુદ્ધ છું, હું જ્ઞાન છું એવો જે શુદ્ધનયનો વિકલ્પ, તેનો પક્ષ અર્થાત્ તેમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. જ્ઞાન કર્તા ને વિકલ્પ મારું કર્મ—એવી અજ્ઞાનીની બુદ્ધિ છે. 'હું શુદ્ધ છું' એવો અનુભવ કરવાને બદલે 'હું શુદ્ધ છું' એવા વિકલ્પને જ પોતાનું કાર્ય માનીને અજ્ઞાની તેના વેદનમાં અટક્યો. વિકલ્પમાં અટક્યો તે ભટક્યો. જ્ઞાની તો વિકલ્પથી છૂટો પડીને જ્ઞાનને અંતર્મુખ કરીને, શુદ્ધનયરૂપ પરિણતિ કરે છે, તે પરિણમનમાં તેને કોઈ નયપક્ષ નથી, વિકલ્પ નથી, તે નિર્વિકલ્પ પક્ષાતિક્રાંત છે. ભગવાન આત્મા વિકલ્પવાળો નથી, વિકલ્પથી ચલાયમાન થાય તેવો નથી, કે વિકલ્પથી વેદનમાં આવે તેવો નથી. આવો નિર્વિકલ્પ અચલ વિજ્ઞાનઘન આત્મા ધર્મીજીવને પોતાના અનુભવમાં આવે છે; આવો આત્મા તે સમયસાર છે, તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ આનંદ છે, જે કાંઈ છે જે કાંઈ છે તે આ એક જ છે. ધર્મીના આવા અનુભવમાં એકલા વિજ્ઞાનમય આનંદરસ જ ભર્યો છે; તેમાં વિકલ્પનો રસ નથી.

ચૈતન્યતત્ત્વ એવડું મોટું મહાન છે કે તેને વિકલ્પવાળો કહેવો તે કલંક છે. અંતર્મુખ

> નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
> —એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.
>
> પરમાગમ શ્રી સમયસાર

નિર્વિકલ્પ પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો, તે જ સમ્યગ્દર્શન છે. અજ્ઞાનદશામાં વિકલ્પને પામતો, વિકલ્પનો રસ લેતો; હવે જ્ઞાનદશામાં ચૈતન્યની અનુભૂતિ થઈ તે આત્માનો શણગાર છે, તેનાથી આત્મા શોભે છે. વિકલ્પના શણગાર આત્માને શોભતા નથી, તે તો કલંક છે. આત્મા તો કેવળજ્ઞાનની વેલડીનો કંદ છે, તેનામાં તો અનુભૂતિના આનંદના પાક પાકે છે. સમ્યગ્દર્શન થતાં અનંતગુણનાં પાક પાક્યા છે. ધર્મી જીવ વિકલ્પને છોડીને અંતરમાં ચૈતન્યભાવને આસ્વાદતો થકો નિર્વિકલ્પ ભાવને આક્રમે છે એટલે ઝડપથી તેને પહોંચી વળે છે. અહો ! નિભૃત—નિશ્ચળ પુરુષો આ આત્માને સ્વયં આસ્વાદે છે. જેણે વિકલ્પોની ચિંતાને દૂર કરી છે ને આત્મામાં જ્ઞાનને નિશ્ચલ કર્યું છે એવા નિભૃત પુરુષોને આ ભગવાન આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષમાં પોતે સ્વયં આસ્વાદમાં આવે છે—આવી અનુભૂતિ વડે આત્મા શોભે છે. વિકલ્પમાં આત્માનો સ્વાદ આવતો નથી. ભાઈ, તારા ચૈતન્યઘરમાં આનંદરસ ભર્યો છે તેને સ્વયં આસ્વાદમાં લે; વિકલ્પમાંથી આનંદ લેવા જઈશ તો નહિ મળે. આવા આત્માને સમ્યગ્દર્શનમાં અનુભવવો તે જ કર્તવ્ય છે. ધર્મીનું કર્તવ્ય હોય તો આ જ છે. વિજ્ઞાનઘન આત્માના રસથી ભરપૂર પરમાત્મા અનુભવમાં આવ્યો તેને જ સમ્યગ્દર્શન વગેરે નામ કહેવાય છે. ભાવમાં સમ્યક્ વેદન થયું ત્યારે સમ્યગ્દર્શન વગેરે સાચું નામ પડ્યું. વિકલ્પની પામરતામાં ભગવાન પરમાત્મા ન બેસે; તે તો અંતરની અનુભૂતિમાં પ્રગટ બિરાજે છે, વિજ્ઞાનરસથી તે ભરેલો છે, વિજ્ઞાનરસમાં જ્ઞાન-આનંદ વગેરે અનંતગુણનો રસ સમાય છે. વધારે શું કહીએ ? શબ્દોથી પૂરું પડે તેમ નથી; જે કાંઈ છે તે બધું આ અનુભૂતિમાં સમાય છે, ચૈતન્યના અનંતગુણનો વૈભવ નિર્વિકલ્પ અનુભૂતિમાં સમાય છે. જૂનો પુરાણપુરુષ અનુભૂતિમાં પ્રસિદ્ધ થયો છે. પવિત્ર સ્વભાવી પુરાણપુરુષ ભગવાન આત્મા અનાદિઅનંત એવો ને એવો છે પણ પર્યાયમાં અનુભૂતિ થતાં તે નિર્મળ પર્યાયરૂપે પ્રસિદ્ધ થયો; ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભૂતિ-શાંતિ-પરમઆનંદ વગેરે નામથી ઓળખવામાં આવે છે. અનુભૂતિસ્વરૂપ થયેલા તે એક આત્માને જ આ બધાં નામથી કહેવામાં આવે છે. આવો આત્મા તે જ 'સમયસાર' છે. અનુભવમાં ધર્મીને તે સમ્યક્પણે દેખાય છે—જણાય છે શ્રદ્ધાય છે, તેથી તે એક જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેનાથી ભિન્ન બીજું કોઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. જે કાંઈ છે તે આ એક જ છે. સ્ત્રી હોય, પુરુષ હોય કે નરકમાં રહેલો નારકી હોય,—જેણે અંતરમાં આવો આત્મા અનુભવ્યો તે પુરાણપુરુષ છે, તે ભગવાન સમયસાર છે, તે જ આત્મા પોતે

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. અતીન્દ્રિય આનંદના સ્વાદને લેતો અનુભૂતિ સ્વરૂપ થયેલો આત્મા તેનાથી જુદાં કોઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. તે આત્મા પોતે પોતાના સમ્યક્સ્વરૂપે પ્રસિદ્ધ થયો છે, તે પોતે જ સમ્યગ્દર્શનરૂપ થઈને પરિણમ્યો છે. અહો, સમ્યગ્દર્શનના ગંભીર અનુભવની અલૌકિક વાત આચાર્ય ભગવાને આ સમયસારમાં ખુલ્લી કરી છે; તેમાંય આ ૧૪૪મી ગાથામાં તો સમ્યગ્દર્શન થવાની રીતનું અલૌકિક વર્ણન કર્યું છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે તેના ઉપર સાત કળશ ચડાવ્યા છે.

જેમ પાણી પાણીના પ્રવાહમાં ભળી જાય, તેમ ચૈતન્યપરિણતિ પહેલાં વિકલ્પમાં ભમતી હતી. તે હવે ચૈતન્યસ્વભાવમાં ભળીને મગ્ન થઈ ને ચૈતન્ય પોતે પોતાના વિજ્ઞાનરસમાં ભળી ગયો; હવે ધર્મી એક વિજ્ઞાનરસપણે જ પોતાને અનુભવે છે. અહો ! આ મર્યાદિત અસંખ્યપ્રદેશી ચૈતન્યતત્ત્વમાં અનંત-અનંત ગંભીરતા ભરી છે, અનંત શક્તિનો પીંડ વિજ્ઞાનઘન ઢગલો, જેના અનંત મહિમાની ગંભીરતા વિકલ્પમાં આવી શકે નહિ, તેને ધર્મી જીવ અનુભવે છે. અહો, ચૈતન્યના રસિકજનો તો પોતાના આત્માને નિર્વિકલ્પ ચૈતન્યરસપણે જ અનુભવે છે. પાણીનો પ્રવાહ દરિયામાં ભળી જાય તેમ ચૈતન્યપરિણતિનો પ્રવાહ ઝડપથી અંતરમાં વળીને ચિદાનંદ સમુદ્રમાં મગ્ન થયો, ત્યાં આત્મા પોતાના શાંત-આનંદરસમાં લીન થયો.

ચૈતન્યનો માર્ગ ઊંડો છે—ગંભીર છે. વિકલ્પોમાં તો કાંઈ ગંભીરતા નથી, તે તો બહાર ભમનારા છે; ને ધર્મીની ચૈતન્યપરિણતિ તો વિકલ્પથી પાર, અનુભૂતિના ગંભીર માર્ગે અંતરમાં વળીને ચૈતન્યસમુદ્રમાં એકાગ્ર થાય છે. આત્માનો માર્ગ તો ગંભીર-ઊંડો જ હોય ને ! જેના વડે અનાદિના દુઃખથી છૂટકારો થાય ને અનંતકાળનું સુખ મળે—તે માર્ગની શી વાત ? વચનાતીત વસ્તુને વચનથી તો કેટલી કહેવી ? અનુભવમાં લ્યે ત્યારે પાર પડે તેવું છે; વચનના વિકલ્પથી એનો પાર પડે તેમ નથી. ધર્મીની પર્યાય વિકલ્પના માર્ગેથી પાછી વળી ગઈ ને વિવેકના માર્ગે અંદર ઢળી ગઈ છે. વિવેક એટલે ભેદજ્ઞાન, તેના મારગ ઊંડા છે, ગંભીર છે, ને તેનું ફળ પણ મહાન છે. આચાર્ય ભગવંતોના હૃદય ઊંડા ને ગંભીર છે; ચૈતન્યના અનુભવના રહસ્યો આ સમયસારમાં ભર્યા છે....ભવ્ય જીવોને ન્યાલ કરી દીધા છે. વાહ રે વાહ ! સમ્યગ્દર્શન પામવાની ને ભગવાનના માર્ગમાં ભળવાની અફર રીત સંતોએ પ્રસિદ્ધ કરી છે. (ક્રમશઃ)

✻

હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૦)

સાધકદશામાં રાગ થયા વિના રહે નહિ પણ સાધકજીવ તેને હેય સમજે છે. સાધકદશામાં રાગ થાય તે જુદી વાત છે અને રાગને આદરણીય માનવો તે જુદી વાત છે,—રાગ થાય તે ચારિત્રનો દોષ છે અને રાગને આદરણીય માનવો તે તો શ્રદ્ધાનો દોષ છે—મિથ્યાત્વ છે. 'જેને રાગ થાય તે જીવ અજ્ઞાની છે, જ્ઞાનીને રાગ હોય જ નહિ'—એમ કહેનાર જીવ સમ્યગ્દર્શનનું સાચું સ્વરૂપ સમજ્યો નથી. રાગ તે વિકાર છે—બંધન છે—એટલી વાત સાચી, પણ રાગ તે મિથ્યાત્વ નથી—અજ્ઞાન નથી. હા, જો રાગને પોતાનું સ્વરૂપ સ્વીકારે કે રાગથી લાભ માને તો તે જીવ મિથ્યાત્વી—અજ્ઞાની છે. રાગરહિત શુદ્ધાત્માના અનુભવથી મિથ્યાત્વ અને અજ્ઞાન ટાળ્યા પછી, સાધકજીવને જે રાગ-દ્વેષ થાય તે, જોકે વિકાર છે—બંધનું કારણ છે પરંતુ મિથ્યાત્વ કે અજ્ઞાન નથી. શુભરાગ અશુભને ટાળવા પુરતો છે પરંતુ તેનાથી કાંઈ મિથ્યાત્વ કે અજ્ઞાન ટળતું નથી. તેમજ શુભ-અશુભ રાગ થાય તેથી કાંઈ મિથ્યાત્વ કે અજ્ઞાન થઈ જતું નથી. શુભરાગને જો ધર્મનું કારણ માને તો જરૂર મિથ્યાત્વ ને અજ્ઞાન થાય છે. ધર્મી જીવને રાગ થાય તે વખતે તે રાગને આદરતા નથી પણ શુદ્ધ સ્વભાવને જ આદરે છે, તેથી તેમને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનમાં દોષ નથી. જે વસ્તુનો જેમ સ્વભાવ છે તેમ સમ્યગ્જ્ઞાનથી સમજવો પડશે. સ્વભાવમાં તર્ક ન હોય, તર્કથી સ્વભાવ સમજાય નહિ અને સ્વભાવ સમજ્યા વગર ભવનો અંત આવે નહિ.

આત્મા તો ત્રિકાળ ચૈતન્યલક્ષણરૂપ છે, રાગ તેનાથી વિલક્ષણ છે. ચૈતન્યમાં રાગ નથી ને રાગમાં ચૈતન્ય નથી. રાગ-લક્ષણથી આત્મા અનુભવમાં આવતો નથી પણ ચૈતન્યલક્ષણથી અનુભવાય છે. જેટલા પુણ્ય કે પાપ ભાવો છે તે કોઈ આત્મતત્ત્વ નથી. આમ, રાગાદિ સર્વ પરભાવોથી જુદા શુદ્ધચૈતન્યસ્વરૂપને સમજીને જે સમયે તેમાં એકાગ્ર થયો તે જ સમયે તે જીવને શુદ્ધ આત્મત્ત્વનો અનુભવ થયો છે—સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા છે. અત્યારે આવો શુદ્ધાત્મ-અનુભવ થઈ શકે છે. આચાર્યદેવ કહે છે કે અત્યારે જે ભવ્ય જીવ આવા શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે અલ્પકાળે મુક્તિ પામે છે,—એમાં કોણ સંશય કરે ?

અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

ધર્માત્માને પર્યાયમાં જે રાગભાવ થાય છે તે કર્મો કરાવતા નથી પણ પુરુષાર્થની અધૂરાશથી થાય છે, પરંતુ શુદ્ધસ્વભાવદૃષ્ટિમાં ધર્માત્માને તે પુરુષાર્થની અધૂરાશનો કે રાગનો સ્વીકાર નથી. આમ જાણીને, 'આત્મા રાગસ્વરૂપ છે' એવી કોણ શંકા કરે? સ્વભાવમાં કોણ સંદેહ કરે? અને જેને ત્રિકાળી પૂર્ણસ્વભાવની નિઃશંકતા હોય તેને પોતાની મુક્તિનો સંદેહ કેમ હોય—ન જ હોય.

આત્મસ્વભાવમાં ભવ નથી, ભવનો ભાવ નથી, એવા શુદ્ધ મુક્તસ્વભાવને જ ધર્મી જીવો આદરે છે, રાગાદિને જરાય આદરણીય માનતા નથી; —આવા ધર્મીને અલ્પકાળમાં મુક્તિ થાય, એમાં શું શંકા? પર જીવો તો માને કે ન માને, પણ જે જીવ પોતે પોતાના શુદ્ધઆત્માને વર્તમાનમાં અનુભવે છે તેને પોતાની મુક્તિ માટેની નિઃશંકતા વર્તમાનમાં જ થાય છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ મુક્તસ્વરૂપ છે. જેને પોતાની મુક્તિ થવામાં શંકા છે તે જીવને ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા જ નથી.

આત્માના શુદ્ધસ્વભાવથી વિલક્ષણ ભાવોથી થતા, પાંચ ઇંદ્રિયોના આલંબનવાળા જે સાંસારિકસુખો તેને ઝેર સમાન જાણીને જે ભવ્યાત્મા છોડે છે અને પોતાના અતીન્દ્રિય સુખસ્વરૂપ શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ કરે છે તે જીવ અલ્પકાળમાં નિઃસંદેહ મુક્તિ પામે છે. અહીં શુદ્ધાત્માના અનુભવનો મહિમા કરીને તેનું ફળ બતાવે છે, તેથી પર્યાયની વાત છે. પર્યાય તો જ્ઞાનનો વિષય છે. સમ્યક્શ્રદ્ધા તો દ્રવ્ય અને મુક્તપર્યાયના ભેદને સ્વીકારતી નથી. અત્યારે મુક્તપર્યાય નથી અને અલ્પકાળમાં મુક્તપર્યાય થશે—એવા બે ભેદ દ્રવ્યસ્વભાવમાં કેવા? અત્યારે જ આત્મસ્વભાવ મુક્તસ્વરૂપ છે, તેમાં બંધ અને મોક્ષ એવા બે ભેદ નથી. બંધનો કાળ અનાદિ-સાંત છે, મોક્ષનો કાળ સાદિ-અનંત છે, ને દ્રવ્યસ્વભાવ તો અનાદિ-અનંત-ત્રિકાળ એકરૂપ છે. દ્રવ્ય અને પર્યાય બંનેને જેમ છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે. શ્રદ્ધા તો એકરૂપ દ્રવ્યસ્વરૂપને જ કબુલે છે, અવસ્થાના ભેદને તે કબુલતી નથી. બંધ-મોક્ષના ભેદરહિત એકરૂપ સ્વભાવદૃષ્ટિથી સહજ શુદ્ધઆત્મતત્ત્વનો અનુભવ કરતાં અલ્પકાળમાં મુક્તપર્યાય પ્રગટે છે.

અહીં ૪૦ મી ગાથા પૂરી થઈ. (ક્રમશઃ) ❊

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, આ જ ગાથા પાઠાન્તરરૂપે આ પ્રમાણે છે :—

**जदि सव्वं पि असंतं ता सो वि य संतओ कहं भणदि ।**
**णत्थित्ति किं पि तच्चं अहवा सुण्णं कहं मुणदि ॥**

જણાવા યોગ્ય–જ્ઞેય વિદ્યમાન છે. જે 'છે' તેને ના કેમ પાડી શકાય? આ નથી તો હું નથી—એમ અજ્ઞાન થાય છે. હું નથી—એમ જાણ્યું કોણે? ધર્માત્મા જ્ઞાની, જગતના વિદ્યમાન પદાર્થોને જેમ છે તેમ જાણે છે. કોઈ કોઈનું કરે, કાંઈ સુધારી આપે, કાંઈ બગાડી દે–એમ તે માનતા નથી. ચારિત્રની નબળાઈવશ અસ્થિરતાનો રાગ થઈ જાય, તે મુખ્ય નથી; જાણવું જ તે પ્રમાણજ્ઞાનની મુખ્યતા છે. આમ થવું ન જોઈએ, અર્થાત્ આમ જ્ઞાનનો વિકાસ છે, તે ન હોય, આ પ્રમાણે (તે વિકાસનો) તે તિરસ્કાર કરે છે. આ સંયોગ નથી જોઈતો—એમ વિદ્યમાન વસ્તુનો અને તેના જ્ઞાનનો નિષેધ કરવાવાળો નાસ્તિક થઈ જાય છે. નિંદા, મળ, મૂત્ર, અગ્નિ આદિ જગતમાં છે. જે છે એને ના પાડવાથી જ્ઞાનનો નિષેધ થવાથી નિગોદમાં મહામૂઢ થવાનો કાળ આવે છે. જ્ઞાન છે, જ્ઞેય પણ છે પરંતુ કોઈ કોઈના કારણે નથી. વર્તમાન જ્ઞાન, સામાન્ય જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જાણે છે, તેમાં 'આ નથી'–એમ જ્ઞાનીને થતું નથી. કોઈ વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટ કરીને અટકવું, જ્ઞાનનું કાર્ય નથી.

પ્રશ્ન – રાગ જોઈતો નથી—એવો વિચાર જ્ઞાનીને હોય કે નહિ?

ઉત્તર – તે જ્ઞાનમાં જ્ઞેય છે. તેનો અભાવ કરું–એવી શ્રદ્ધા–માન્યતા નથી. અસ્થિરતાનો વિકલ્પ ઉત્પન્ન થાય છે પરંતુ 'છે', તે 'છે'—એવી નક્કી રાખીને વાત છે.

જ્ઞાનસ્વભાવની સન્મુખ જેટલો જાણવામાં જાગૃત છે, તેટલો સંવર છે. જ્ઞાન, વિકલ્પને પણ જ્ઞેયરૂપ જાણે છે, આ ન હોય અથવા આ નથી જોઈતું—એવું જ્ઞાનને ભૂલીને માને તો મિથ્યાત્વ થાય છે.

આ રાગ દુઃખદાયક છે અને સુખદાયક નિત્યસ્વરૂપ અન્ય છે–એમ જાણે તો તેના લક્ષ્યથી વિભાવ દુઃખરૂપ છે–એમ જાણવું, તે વ્યવહારથી સત્ય કહેવાય છે. જ્ઞાની, નિશ્ચયથી અંદરમાં જ્ઞાનભાવનારૂપથી વર્તતો થકો પોતાને જુએ છે.

**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે? ૨૪.**

પ્રશ્ન – આ પ્રયોગ ચોવીસ કલાકમાં કેટલી વાર થઈ શકે ?

ઉત્તર – જ્ઞાન નિત્ય છે, અનાદિથી જ્ઞાયક જ રહ્યો છે; તોપણ અજ્ઞાનથી મિથ્યારૂપ ભાસે છે. મિથ્યાદૃષ્ટિ માને છે કે હું દેહ, રાગરૂપ છું, મારી ઈચ્છાથી પરનું કાર્ય કરી શકાય છે. મારામાં પરથી કાંઈ ફેરફાર થઈ શકે છે—એમ અજ્ઞાનથી મિથ્યારૂપ પ્રતિભાસિત થાય છે. તે ભૂલને જાણીને, હું જ્ઞાનમાત્ર છું, એમ સ્વ તરફ ઢળવાથી જ્ઞાનમાં એકતાની દૃષ્ટિ કરી તે ચોવીસ કલાકનો પ્રયોગ છે. આત્મસ્વભાવ સ્વતંત્ર છે—એમ જેણે માન્યું અર્થાત્ સર્વજ્ઞ જેમ જાણણસ્વરૂપ છે—એમ હું પણ જાણણસ્વરૂપ છું; રાગના કારણે જ્ઞાનનું કાર્ય નથી. રાગ ક્ષણિક છે, હું નિત્ય છું—એમ જાણવાવાળો રહે તેનું નામ જ્ઞાનભાવના છે. જ્ઞાનમાત્રભાવની અસ્તિવાળો, જ્ઞાતાદૃષ્ટાનો પ્રયોગ ચોવીસ કલાક કરી શકે છે.

આ છે, હું છું, હું પરરૂપ નથી, પરથી નથી, પર મારાથી નથી—એમ જાણવું તે જ્ઞાન, જ્ઞાનનું કામ નિરંતર કરે છે. છે...છે...છે એવી મહાસત્તામાં સંપૂર્ણ વિશ્વ છે. અવાંતરસત્તામાં દરેકની સ્વરૂપસત્તા, વિશેષસત્તા, અલગ-અલગ છે. કોઈથી કોઈ નથી; માટે દરેક વસ્તુઓ સત્ છે.

જો બધી વસ્તુઓ અસત્ છે તો 'અસત્ છે'—એમ કહેવાવાળો નાસ્તિકવાદી પણ અસત્રૂપ સિદ્ધ થયો તો પછી 'કોઈ પણ તત્ત્વ નથી'—એમ તે કઈ રીતે કહે છે અથવા 'કહેવાવાળો પણ નથી' તો શૂન્ય છે—એમ કઈ રીતે જાણી શકાય છે ?

**किं बहुणा उत्तेण य जेत्तियमेत्ताणि संति णामाणि ।**
**तेत्तियमेत्ता अत्था संति ते णियमेण परमत्था ।।२५२।।**

અર્થ :—ઘણું કહેવાથી શું? જેટલાં નામ છે તેટલા જ નિયમથી પદાર્થો પરમાર્થરૂપે છે.

ભાવાર્થ :—જેટલાં નામ છે તેટલા સત્યાર્થરૂપ પદાર્થો છે. ઘણું કહેવાથી બસ થાઓ! એ પ્રમાણે પદાર્થોનું સ્વરૂપ કહ્યું.

વધારે શું કહેવું ? જેટલા નામ છે, તેટલા જ નિયમથી પદાર્થો વાસ્તવમાં છે. જ્ઞાન, અજ્ઞાન, મૂઢપણું, અમૂઢપણું, સત્યદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ બધા છે. જે વસ્તુસ્થિતિ, જે કાળમાં, જે રૂપે છે, તે સ્વથી સત્ છે અને પરથી અસત્ છે અર્થાત્ શૂન્ય છે પણ ગધેડાના શિંગડાની જેમ અસત્ નથી.

**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.**

આચાર્યદેવે અસ્તિત્વમાં બધું કહી દીધું છે. ધવલામાં કહ્યું છે કે સત્પદ પ્રરૂપણામાં વિશ્વમાં જેટલું છે, તેનું કથન છે.

પોતાને મિથ્યાત્વરૂપ માનવો, જગતને મિથ્યારૂપ માનવો–આ પણ છે. મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, નાસ્તિકતા-આસ્તિકતા—આ પણ સત્ પારમાર્થિકરૂપથી છે. જો સર્વથા ન હોય તો જ્ઞાન તેને જાણી શકતું નથી. વ્યવહારનો વિષય પણ વાસ્તવમાં પરમાર્થ છે. પર્યાય ક્ષણિક છે, તેનો આશ્રય છોડાવવા માટે વ્યવહારને અભૂતાર્થ–અપરમાર્થ કહેવામાં આવ્યો છે. પરંતુ તેનાથી તેનો સર્વથા અભાવ નથી. સત્યાર્થ ધ્રુવ વસ્તુની અપેક્ષાએ તે અસત્યાર્થ છે પરંતુ અહીં પ્રમાણજ્ઞાનનો વિષય કરાવવા માટે બધું છે—સમય-સમયની વિકારી પર્યાય પણ ભૂતાર્થ છે—એમ કહ્યું છે. એક અંશ અર્થાત્ એક પર્યાય નથી—જો એમ કહે તો લોકાલોક શૂન્ય અર્થાત્ અભાવરૂપ થઈ જાય છે કેમકે અંશ પણ કોઈ અંશી પદાર્થની સત્તાનો ભાગ છે; અંશનો નિષેધ માનવાથી કોઈને સત્ માની શકાશે નહિ, નાસ્તિકતા થઈ જશે.

જે છે તેને જાણવું પણ તેને ઈષ્ટ-અનિષ્ટ નહિ માનવું, તે જ્ઞાનનો ધર્મ છે. જ્ઞાની કહે છે કે જ્ઞાનથી–આત્માથી પરનું કાંઈ થઈ શકતું નથી અને અજ્ઞાની તેને ગાંડો ગણે છે પણ તેનાથી શું ? જ્ઞાન તો માત્ર જાણવાવાળો જ રહે છે.

સમયસારમાં કહે છે કે રાગ, વ્યવહાર, પર્યાય, ગુણ-ગુણીનો ભેદ અસત્યાર્થ છે. હકીકતમાં આ કથન અખંડદ્રવ્યની દૃષ્ટિથી છે. અહીં જેટલા પ્રકાર છે, તેને જ્ઞાન તે રૂપે જાણે છે, આ પ્રમાણજ્ઞાનની વાત છે.

હવે, એ પદાર્થોને જાણવાવાળું જ્ઞાન છે, તેનું સ્વરૂપ કહે છે :—

**णाणाधम्मेहिं जुदं अप्पाणं तह परं पि णिच्छयदो ।**
**जं जाणेदि सजोगं तं णाणं भण्णदे समए ॥२५३॥**

અર્થ :—જે નાના ધર્મો સહિત આત્માને તથા પરદ્રવ્યોને પોતાની યોગ્યતાનુસાર જાણે છે તેને સિદ્ધાન્તમાં નિશ્ચયથી જ્ઞાન કહે છે.

ભાવાર્થ :—પોતાના આવરણના ક્ષયોપશમ કે ક્ષય અનુસાર જાણવાયોગ્ય પદાર્થ જે પોતે તથા પર, તેને જે જાણે છે તે જ્ઞાન છે. એ સામાન્યજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

હવે કહે છે કે પદાર્થોને જાણવાવાળું જ્ઞાન છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની ! ૨૬.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૦, ગાથા - ૨૧)

**આત્માની સિદ્ધિ માટેના સર્વ પ્રમાણોમાં સ્વસંવેદન–પ્રમાણ જ મુખ્ય છે.**

એક સેકંડના અસંખ્યમાં ભાગમાં લોકાલોકને જાણનારો શરીર પ્રમાણ, નિત્ય સુખસ્વરૂપ એવો આત્મા પોતાના પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થાય છે. સ્વજ્ઞેયને જ્ઞાનમાં લઈને જ્ઞાતા થવાનો આત્માનો વાસ્તવિક સ્વભાવ છે તથા લોકાલોકને જાણવાનો પણ આત્મામાં સ્વતઃસ્વભાવ છે. લોકાલોક છે માટે જણાય છે એમ નથી. જાણવાનો આત્માનો સ્વતઃસ્વભાવ છે. લોકાલોકના સ્વરૂપને જાણનારું આત્માનું જ્ઞાનસામર્થ્ય ન હોત તો આ લોકાલોક છે એમ કોણ કહી શકે ? જ્ઞાનસ્વભાવ જ એવો છે કે જે લોકાલોકને જાણી શકે. જેમ લોકાલોક એક સત્તા છે તેમ તેને જાણવાનો સ્વતઃ સ્વભાવ ધરનારી જ્ઞાન–આનંદરૂપ વસ્તુ એ પણ એક સત્તા છે. અહાહા...! ગજબ વાત છે.

અહીં તો એમ કહે છે કે કેવળ પરને જ જ્ઞેય કરવું નથી અને કેવળ પરનું જ જાણનાર થવું નથી પણ પોતાને જ્ઞેય બનાવી પોતે જ જ્ઞાતા થઈને અંતર સ્વભાવમાં સમાઈ જવું છે. સ્વભાવને ઓળખીને સ્વભાવમાં ઠરી જવું છે. હીરો જોયા વગર તેના વખાણ કરવા ખોટાં છે પણ જોઈને વખાણ કરે તે સાચાં છે, તેમ આચાર્યદેવ ચૈતન્યહીરો જોઈને–પ્રમાણજ્ઞાનથી સિદ્ધ કરીને તેના ગુણગાન કરે છે. લોકાલોક એક મહાસત્તા છે પણ જ્ઞાન તો લોકાલોકને અડ્યા વિના તેનું લક્ષ કર્યા વિના લોકાલોકની સત્તાની હાજરી છે માટે નહિ પણ પોતાની સત્તાના સામર્થ્યથી લોકાલોકને એક સમયમાં જાણી લે છે. એવું જ તેનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે.

પરદ્રવ્ય–પરભાવના સહારા વિના આત્મા સ્વતઃ સ્વભાવથી પ્રમાણસિદ્ધ છે. છતો અછતો ન થાય. સ્વતઃસ્વભાવ છે તે જ્ઞાનમાં અછતો ન રહે, છતો થાય–પ્રગટ થાય. અનુભવપ્રકાશમાં દાખલો આપ્યો છે કે પિતા બજારમાં ગયેલ હોય, છોકરાં ઘરે હોય અને બજારમાં એને કોઈ પૂછે કે તમારે છોકરાં છે ? તો હા પાડશે. કેમ ભાઈ ! તારી સાથે ક્યાં છે ? અરે ! સાથે નથી પણ છે તો ખરાં ને ! છતાં ને અછતા કરાશે ? તેમ ભગવાન આત્મા અખંડાનંદ એક સમયમાં લોકાલોકને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે

> જીવ-દેહ બન્ને એક છે—વ્યવહારનયનું વચન આ;
> પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

તેને નથી એમ કોણ કહી શકે ? ધર્મી જીવ પોતાના જ પ્રમાણજ્ઞાનથી આત્માના સ્વરૂપને સ્વીકારે છે. ભગવાન કહે છે કે માટે નહિ. પોતાના જ પ્રમાણથી પોતાનું સ્વરૂપ સિદ્ધ થાય છે. ત્યાં બીજાના પ્રમાણની જરૂર નથી, પોતાથી પોતાનું જ્ઞાન થવું તે જ સ્વસંવેદન છે. તેને સ્વસંવેદન કહો, અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો જે કહો તે એ જ છે.

જેનું જે સ્વ-રૂપ છે, સ્વભાવ છે, સત્ત્વ છે તેને બીજાના પ્રમાણથી માનવાનું ક્યાં રહ્યું ? પોતાથી જ સ્વરૂપ સિદ્ધ છે, પોતે જ પોતાનો જ્ઞાતા થવાને લાયક છે અને જીવ પોતે જ પોતાને જ્ઞેય બનાવવાને લાયક છે. તેથી પોતે જ પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાતાપણે જાણી શકે છે. આ તેનો સહજ સ્વભાવ છે. વિકલ્પના કાળે આત્માને વિકલ્પનું જ્ઞાન થાય છે પણ તે વિકલ્પના કારણે નહિ, વિકલ્પના સહારેથી નહિ પણ પોતાના જાણક સ્વભાવથી જ્ઞાન થાય છે.

જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવપ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પ્રભુતા સ્થાપીશ—મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર ! હું જ પરમેશ્વર છું. એમ પહેલાં નક્કી કર ! વિશ્વાસ લાવ !

જે વસ્તુ છે તેના સ્વભાવની હદ ન હોય. મર્યાદા ન હોય. તેને પરાશ્રય ન હોય. જે સ્વભાવભાવ છે તેને પરાશ્રયતા કેમ હોય ? અચિંત્ય સ્વભાવમાં અપૂર્ણતા કેમ હોય ? સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ જ આ ભગવાન આત્મા છે. પરમેશ્વરમાં અને દરેકના ભગવાન-આત્મામાં કાંઈ ફેર નથી. આવા પોતાના આત્માને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી સ્વસંવેદનપ્રમાણ સિદ્ધ થઈ ન શકે. પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. જે પર્યાય દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તે પર્યાયની મહિમાનો પણ પાર નથી તો દ્રવ્યની મહિમાની શું વાત ? આવી મહિમા જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીર્ય સ્વસંવેદન તરફ ન વળે.

હું જ જ્ઞેય અને હું જ જ્ઞાયક એટલે કે હું જ જણાવા યોગ્ય અને હું જ જાણનાર

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ;<br>
માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

છું એમ વિકલ્પ રહિત થઈને જે સ્વસંવેદન કરે છે તે પ્રમાણ છે. ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યે સમયસારમાં કહ્યું છે કે 'जदि दायेज पमाणं' જો હું દેખાડું તો પ્રમાણ કરજે. આમ જે કહ્યું છે તે આ સ્વસંવેદન પ્રમાણની વાત છે. આત્માનું સ્વરૂપ જેવું હું દર્શાવું છું તેવું તું અનુભવ કરીને પ્રમાણ કરજે. તારા અંતરના પ્રમાણ માટે તારે બીજા કોઈની-સહાયની જરૂર નહિ પડે.


આકાશનું ક્ષેત્ર છે...છે...છે...અનંત ક્ષેત્ર છે તેનો અંત ક્યાંય નહિ આવે. તેમ કાળ છે...છે...છે તેનો પણ ક્યારે અંત નહિ આવે તો તેના જાણનાર જ્ઞાનમાં પણ ક્ષેત્રનો કે કાળનો અંત નહિ જણાય. અસ્તિ જ જણાશે. આત્મામાં પોતાના જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, સ્વચ્છતાનો ભાવ, શુદ્ધતાનો ભાવ, શાંતિ-ચારિત્રનો ભાવ, વીર્યનો ભાવ આદિ દરેક ગુણોના ભાવો અમાપ છે. છતાં તેને પણ આત્મા પોતે પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાયકપણે એક સમયમાં જાણી લે છે. પોતાના પ્રમાણજ્ઞાનમાં પોતાના અમાપ ભાવોનું જ્ઞાન થઈ જાય છે. બધાં પ્રમાણમાં આ સ્વસંવેદન પ્રમાણ જ મુખ્ય છે.

અરે ! પ્રભુ ! તારું સ્વરૂપ તારા જ્ઞાનમાં ન આવે અને ધર્મ થઈ જાય એ કેમ બને ! પોતાથી જ પોતાનું પ્રમાણ થાય એવું જીવનું સ્વરૂપ છે. તેનાથી ઓછું, અધિક કે વિપરીત સ્વરૂપ માને તો એ તત્ત્વથી જ વિપરીત છે.


અતીન્દ્રિય આનંદથી ભગવાન આત્મા શોભે છે. લોકાલોકને જાણવા એ તો એનો સ્વભાવ છે. લોકાલોકનો આત્મા જાણનાર છે. પણ આત્માનું ક્ષેત્ર શરીરપ્રમાણ છે. આવું આત્માનું સ્વરૂપ અનુભવમાં-વેદનમાં આવે છે. હવે શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? ભગવાનની ભક્તિ, પૂજા કરવાથી કે શાસ્ત્ર વાંચવાથી ઉપાસના થાય કે નહિ ?

અરે ભાઈ ! ભક્તિ, પૂજાથી ભગવાનની ઉપાસના ન થાય પણ ભક્તિ-પૂજા આદિ ક્રિયાનું અંતરમાં માહાત્મ્ય રહી જાય તે પણ સાચી ઉપાસના કરવા નહિ દે. માહાત્મ્યવાળી મૂળ ચીજ જોઈ નથી. તેથી બહારની ક્રિયામાં જીવ લેપાઈ જાય છે, તેનું તેને ભાન પણ હોતું નથી. વિકલ્પ અને રાગનું જેને માહાત્મ્ય આવે છે તેને નિજ સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. (ક્રમશઃ) ❋

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## દેવગતિનાં દુઃખોનું વર્ણન

દેવગતિનું નામ પડતાં, જાણે કે તેમાં સુખ હશે? એમ લોકોને ભાસે છે; પરંતુ સુખ તો આત્મામાં છે; ચારેય ગતિ એ તો કર્મનું ફળ છે. તેમાં સુખ નથી. તિર્યંચ, નરક ને મનુષ્ય એ ત્રણ ગતિમાં તો દુઃખ હોવાનું જીવોને ભાસે, પરંતુ દેવગતિમાં—સ્વર્ગમાંય દુઃખ છે—તે અહીં સમજાવે છે.

कभी अकाम निर्जरा करै, भवनत्रिकमें सुर तन धरै,
विषय-चाह-दावानल दह्यो, मरत विलाप करत दुःख सह्यो. १५.



દેવો ચાર પ્રકારનાં છે; તેમાંથી ભવનવાસી, વ્યંતર ને જ્યોતિષી એ ત્રણ પ્રકારનાં દેવોમાં મિથ્યાદૃષ્ટિ જ જાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવો તેમાં જતા નથી. ત્યાં ઊપજ્યા પછી કોઈ જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે જુદી વાત છે, ચોથો પ્રકાર વૈમાનિક દેવોનો છે; તેમાં નવમી ગ્રૈવેયક સુધી તો મિથ્યાદૃષ્ટિ તેમજ સમ્યગ્દૃષ્ટિ બંને જાય છે; ને પછી તેનાથી ઉપર એકલા સમ્યગ્દૃષ્ટિ જ જાય છે, મિથ્યાદૃષ્ટિ ત્યાં જતા નથી.

અહીં કહે છે કે અજ્ઞાની કદાચિત્ અકામનિર્જરા કરીને હલકા દેવોમાં ઊપજે તો ત્યાં પણ વિષયોની ચાહરૂપી દાવાનળમાં તે બળી રહ્યો છે એટલે દુઃખી જ છે, અને મરણ ટાણું આવતાં રડી રડીને દુઃખી થાય છે. અકામનિર્જરા એટલે ભૂખ—તરસ વગેરે

> વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
> કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

સમતાપૂર્વક સહન કરે તેમાં શુભભાવથી કંઈક નિર્જરા થાય છે ને તેથી સ્વર્ગમાં જાય છે; પણ અજ્ઞાનીને શુભભાવથી થતી આ નિર્જરા કાંઈ મોક્ષનું કારણ થતી નથી; સમ્યગ્દર્શનપૂર્વકના શુદ્ધભાવથી થતી નિર્જરા તે જ મોક્ષનું કારણ થાય છે, અજ્ઞાનપણે અકામનિર્જરા કરીને દેવ તો જીવ અનંતવાર થયો પણ તેથી સંસારભ્રમણ ન મટ્યું. અજ્ઞાનીએ ચૈતન્યસુખ તો જોયું નથી એટલે હલકો દેવ થાય ત્યાંપણ દેવલોકના વૈભવમાં મૂર્છાઈ જાય છે, ને પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છાથી દુઃખી–દુઃખી થઈ રહ્યો છે. ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી માંડીને એક સાગરોપમ સુધીની તે હલકા દેવોની સ્થિતિ છે; તેમાં વચ્ચે એકેક સમય અધિક કરીને અસંખ્યપ્રકારના ભેદો થાય, તે દરેક પ્રકારમાં જીવ અનંતવાર ઊપજ્યો ને મર્યો. પણ તેમાં ક્યાંય સુખ ન દેખ્યું. સંસારમાં સુખ ક્યાંથી હોય? ચારે ગતિ તે સંસાર છે, ને સંસાર તે પરભાવ છે, પરભાવ તે દુઃખ છે. જેટલો સ્વભાવ પ્રગટે ને પરભાવ મટે તેટલું સુખ થાય, મોક્ષગતિને સ્વભાવભાવભૂત કહી છે (સમયસાર ગાથા–૧ માં); એટલે સંસારની ચારે ગતિ તે વિભાવરૂપ છે, ને વિભાવનું ફળ તો દુઃખ જ હોયને! માટે યોગસારમાં કહે છે કે—

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ-ચિંતન કરી, લે શિવસુખનો લાભ.

સર્વજ્ઞભગવાને કહેલો આત્મા કેવો છે તેને જાણવાની દરકાર જે નથી કરતા તે જીવો અજ્ઞાનભાવે ચારગતિનાં દુઃખ ભોગવે છે. તેમાં દેવ થાય તોપણ દુઃખી છે. સુખી તો વીતરાગી સન્ત છે.

ભવનવાસી દેવો દશ પ્રકારનાં છે; વ્યંતરદેવો પણ દશ પ્રકારનાં છે, (ભૂત, પિશાચ, રાક્ષસ કહેવાય છે તે બધા વ્યંતર દેવોની જાત છે.) અને જ્યોતિષી દેવો સૂર્ય, ચંદ્ર વગેરે પાંચ પ્રકારનાં છે. મિથ્યાદષ્ટિપણે કાંઈક શુભભાવથી અકામનિર્જરા કરી હોય તેઓ જ ત્યાં ઊપજે છે; ઘણા જીવો ત્યાં દેવ થયા પછી ભગવાનના સમવસરણમાં આવીને ધર્મશ્રવણ કરે છે ને સમ્યગ્દર્શન પામે છે. બાકી મોટા ભાગના દેવો તો વિષયની ચાહનાથી દુઃખી છે. એ દેવોને બહારથી કાંઈ ભૂખ–તરસનું કે રોગનું દુઃખ નથી હોતું, બહારમાં તો તેમને મોટા રાજા–મહારાજાઓ કરતાંય ઘણો વૈભવ છે, પણ અંદર વિષયોમાં ને હાસ્ય–કુતૂહલમાં જ આકુળ–વ્યાકુળ થઈને દુઃખી થઈ રહ્યા છે. એમાંય જ્યારે મરણનું ટાણું નજીક આવે ત્યારે

**જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ભોગસામગ્રીનો વિયોગ થવાનું જાણીને આર્ત્તધ્યાનથી પીડાય છે ને દુઃખી–દુઃખી થઈને દુર્ગતિમાં જાય છે.

દેવોના ગળામાં એક મંદારમાળા હોય છે. જ્યારે દેવલોકનું છ મહિના આયુષ બાકી રહે ત્યારે મિથ્યાદૃષ્ટિ દેવોની તે મંદારમાળા કરમાઈ જાય છે, આભૂષણોનાં તેજ ઝાંખા પડી જાય છે; તે ઉપરથી વિભંગજ્ઞાનવડે તે જાણે છે કે હવે મરણકાળ નજીક આવ્યો છે. અરે હવે આ દેવલોકના ઉત્તમ ભોગ ક્યાંય નહિ મળે, આ દેવીઓનો વિયોગ થઈ જશે; હવે હું ક્યાં જઈશ! શું કરીશ! એમ વિષયોની ઈચ્છાથી મહા દુઃખી થઈને તે મરે છે; ને મરીને આર્ત્તધ્યાનને લીધે કોઈ કૂતરા–ગધેડા વગેરે તિર્યંચમાં અથવા તો એકેન્દ્રિયમાં અવતરે છે; કોઈ મનુષ્યમાં પણ જન્મે છે. દેવો મરીને સીધા નરકમાં જતા નથી. અને જે સમ્યગ્દૃષ્ટિ દેવો છે તેઓ તો ઉત્તમ મનુષ્યપણે જ અવતરે છે; તે આયુષ પૂરું થવા ટાણે જિનદેવના પૂજનાદિમાં ચિત્ત પરોવે છે; તેને કાંઈ સ્વર્ગના વૈભવની અભિલાષા નથી એટલે તે કાંઈ મિથ્યાદૃષ્ટિ જીવોની જેમ દુઃખી થતા નથી.

જેટલો કર્મનો ઉદય હોય તેના પ્રમાણમાં જ જીવને વિકાર થાય–એવો કાંઈ નિયમ નથી, હીનાધિકતા થાય છે. અશુભકર્મના ઉદયમાં પણ જો સમતા રાખીને શુભભાવથી સહન કરે તો અશુભની અકામનિર્જરા કરીને તે દેવ થાય છે પરંતુ દેવ થાય તોપણ અજ્ઞાની જીવ રાગમાં લીનતાથી દુઃખી જ છે. સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ત્યાં સુધી દુઃખ મટે નહિ ને સુખ થાય નહિ.

સમ્યગ્દર્શન વગરના વૈમાનિક દેવો પણ દુઃખી જ છે—એ વાત હવે કહેશે.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૦ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)

જે અનેક ધર્મસહિત આત્માને તથા પરને, પોતાની યોગ્યતાનુસાર નિર્મળજ્ઞાનથી જાણે છે, સ્વસન્મુખ વિકસિત જ્ઞાન અનુસાર જાણે છે, તેને સિદ્ધાંતમાં નિશ્ચયથી જ્ઞાન કહે છે અને તે મોક્ષમાર્ગ છે.

અહીં જાણવારૂપ યોગ્યતા ઉપર વજન છે. જ્ઞાન બધાને જાણે છે, તે સ્વભાવ છે. વચમાં પુણ્ય-પાપના વિકલ્પ આવે છે, તે છે છતાં ઉપાદેય નથી—એમ જાણવું જ્ઞાનનું કાર્ય છે. જાણવું કોઈ ઉપાધિ નથી, આ સામાન્યજ્ઞાનનું સ્વરૂપ છે. (ક્રમશઃ) ❋

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૪૬) ''પ્રમાણસપ્તભંગી સાધક છે ને વસ્તુસિદ્ધિ કરવી સાધ્ય છે.'' શ્રુતજ્ઞાનના એક પડખાને નય કહે છે, ને આખા શ્રુતજ્ઞાનને પ્રમાણ કહે છે. આત્મા અસ્તિનયે અસ્તિ છે ને નાસ્તિનયે પરથી નહિ હોવારૂપ છે. આમ ભંગોનું જ્ઞાન કરાવી આખા પ્રમાણનું જ્ઞાન કરાવે છે.

પ્રમાણ શ્રુતજ્ઞાન સાધક છે ને આખી વસ્તુની સાબિતી થવી તેનું ફળ છે. વિવેચન દ્વારા વસ્તુધર્મને ગૌણ-મુખ્ય કરે તે નયસપ્તભંગી છે અને ગૌણ-મુખ્ય ન કરી અભેદવૃત્તિ—અભેદ ઉપચારથી કહે તે પ્રમાણ સપ્તભંગી છે.

(૪૭) ''શાસ્ત્રનું સમ્યક્ અવગાહન સાધક છે ને શ્રદ્ધાગુણજ્ઞપણું સાધ્ય છે.'' શાસ્ત્રનું સમ્યક્ અવગાહન કરે ને ભણે તો સાધક થાય, તેમાંથી શ્રદ્ધાગુણનું જ્ઞાન કરવું તે સાધ્ય. આખા ચિદાનંદની પ્રતીતિ કરે તેને શ્રદ્ધા કહે છે. જે આત્માની શ્રદ્ધા ન જાણે તેને શાસ્ત્રનું અવગાહન કર્યું નથી.

અહીં શાસ્ત્રને સમ્યક્ પ્રકારે અવગાહે તેની વાત છે. અહો! ત્રિકાળ શુદ્ધ અખંડ આત્મા મારી શ્રદ્ધાનો વિષય છે. શાસ્ત્ર આમ કહેવા માગે છે એમ અપૂર્વ મહિમા લાવી શાસ્ત્રનો ભાવ સમજે તેને સાચી શ્રદ્ધા પ્રગટે છે.

શ્રી સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે—વ્યવહાર અભૂતાર્થ છે. ભૂતાર્થના આશ્રયે જીવ સમ્યગ્દર્શન પામે છે. આમ શાસ્ત્રનું અવગાહન કરે. પર્યાયને અભૂતાર્થ કેમ કહે છે? પર્યાય દ્રવ્યમાં નથી, એમ કહીને શું કહેવા માગે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય છે તો શું કહેવા માગે છે?

ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયનો નિષેધ કરવાનું કારણ શું? અખંડ સ્વભાવને બતાવવા પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે. પર્યાયના ભેદનું લક્ષ, ભેદનો આશ્રય છોડાવવા અને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકમાત્ર ભૂતાર્થનો

જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,
નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.

આશ્રય કરાવવા એમ કહ્યું છે. અખંડ સ્વભાવને ભૂતાર્થ એમ કહેલ છે. આમ શાસ્ત્રનું બરાબર અવગાહન કરે તો તે સાધન થાય. આખા ચૈતન્યતત્ત્વનો વિશ્વાસ કરાવે છે. અનેક પ્રકારના ભેદને ગૌણ કરી કાઢી નાખ્યા, સામાન્ય ને વિશેષના ભેદો જાણીને અભેદમાંથી ભેદો કાઢી નાખ્યા.

પર્યાયને અભૂતાર્થ કર્યા વિના સ્વભાવમાં ઢળી શકાય નહિ, માટે પર્યાય દ્રવ્યમાં નથી એમ કહી દીધું છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ. એકરૂપ સામાન્ય દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એમ બતાવવું છે. આમ શાસ્ત્રને બરાબર સમજે તો શ્રદ્ધાનું ફળ આવે ને તો શાસ્ત્રને સમ્યક્ અવગાહન કર્યું કહેવાય, માટે શાસ્ત્રનું સમ્યક્ અવગાહન સાધક છે, શ્રદ્ધાગુણજ્ઞપણું સાધ્ય છે.

આત્માનો આનંદ સ્વભાવ પ્રગટ થવો તે ધર્મ છે. તેમાં સાધક-સાધ્ય બોલ ચાલે છે. શાસ્ત્રનો સાચા પ્રકારે અભ્યાસ કરવો, શ્રદ્ધાગુણનું જાણવું તે તેનું ફળ છે.

(૪૮) ''શ્રદ્ધાગુણ સાધક છે ને પરમાર્થ પામવો સાધ્ય છે.'' આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે એવો વિશ્વાસ થવો તે સાધન છે ને પરમાર્થ પામવો તે તેનું ફળ છે. આત્મા પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે એવી પ્રતીતિ કારણ થઈને આખો આત્મા પ્રાપ્ત થાય તેમ છે.

(૪૯) ''સાધુપુરુષની સેવા સાધક છે, આત્મહિત સાધ્ય છે.'' મુનિની સેવા સાધક છે, તેમાં આત્મહિતનું લક્ષ છે. સ્વરૂપનું રક્ષણ કરે અને વિભાવનો નાશ કરે તે યતિ છે, તેની સેવાથી આત્મહિત થાય છે. સંસારના કોઈ લાભના હેતુથી સાધુની સેવા કરે તો તે સાધક નથી.

(૫૦) ''વિનય સાધક છે, વિદ્યાલાભ સાધ્ય છે.'' સાચા દેવ-ગુરુનો વિનય કરવો તે સાધક છે, બધા ગુણોને જાણનાર સુવિદ્યાની પ્રાપ્તિ થવી તે સાધ્ય છે. દેવ-ગુરુનું એક વચન સાંભળતાં સ્વરૂપની વિદ્યાપ્રાપ્તિ થાય તેમ છે, માટે તેમનું બહુમાન કરવું તે સાધક છે.

(૫૧) ''તત્ત્વશ્રદ્ધાન સાધક છે, નિશ્ચય સમ્યક્ત્વ સાધ્ય છે.'' નવ તત્ત્વોની શ્રદ્ધા કરવાનો હેતુ નિર્વિકલ્પ સમકિત પામવાનો છે. તેનો હેતુ પુણ્યબંધ નથી. સાધક જીવ વિચાર કરે છે કે જીવ ચૈતન્યમૂર્તિ છે, પર્યાયમાં રાગ છે, તે બધા વિચારનું ફળ આત્મામાં સમ્યગ્દર્શન કે નિર્વિકલ્પ પ્રતીતિ થવી તે છે. (ક્રમશઃ) ❊

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ—અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૬) લોકાનુપ્રેક્ષા

जीवादिपयट्ठाणं समवाओ सो णिरुच्चए लोगो ।
तिविहो हवेइ लोगो अहमज्झिमउड्ढभेएण ।।३९।।

જીવ આદિ પદાર્થોનો જે સમૂહ છે તે લોક કહેવાય છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકના ભેદથી લોક ત્રણ પ્રકારે હોય છે. ૩૯.

णिरया हवंति हेट्ठा मज्झे दीवंबुरासयो संखा ।
सग्गो तिसट्ठिभेओ एत्तो उड्ढं हवे मोक्खो ।।४०।।

નીચે નરક છે, મધ્યમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે, ઉપર ત્રેસઠ ભેદોથી યુક્ત સ્વર્ગ છે અને તેનાં ઉપર મોક્ષ છે. ૪૦.

इगतीस सत्त चत्तारि दोण्णि एक्केक्क छक्क चदुकप्पे ।
तित्तिय एक्केक्केंदियणामा उडुआदि तेसट्ठी ।।४१।।

સૌધર્મ અને ઈશાન કલ્પમાં એકત્રીસ; સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં સાત; બ્રહ્મ અને બ્રહ્મોત્તર કલ્પમાં ચાર; લાંતવ અને કાપિષ્ઠ કલ્પમાં બે; શુક્ર અને મહાશુક્ર કલ્પમાં એક; શતાર અને સહસ્રાર કલ્પમાં એક; તથા આનત, પ્રાણત, આરણ, અને અચ્યુત એ અંતના ચારે કલ્પમાં છ—એમ સોળ કલ્પોમાં કુલ બાવન પટળ છે. તેની આગળ અધોગ્રૈવેયક, મધ્યમગ્રૈવેયક અને ઉપરિમગ્રૈવેયકનાં ત્રિકમાં પ્રત્યેકના ત્રણ-ત્રણ અર્થાત્ ગ્રૈવેયકનાં નવ; અનુદિશોનું એક; અને અનુત્તર વિમાનોનું એક પટળ છે. આ પ્રકારે સઘળાં મળીને ઋતુ આદિ ત્રેસઠ પટળ છે. ૪૧.

असुहेण णिरयतिरियं सुहउवजोगेण दिविजणसोक्खं ।
सुद्धेण लहइ सिद्धिं एवं लोयं विचिंतिज्जो ।।४२।।

અશુભોપયોગથી નરક અને તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે, શુભોપયોગથી દેવ અને મનુષ્યગતિના સુખ મળે છે અને શુદ્ધોપયોગથી જીવને મુક્તની પ્રાપ્તિ થાય છે—આ પ્રકારે લોકનો વિચાર કરવો જોઈએ. ૪૨. (ક્રમશઃ) ❋

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.**

## યુવકો અને વિદ્વાનોને

### સત્તાસ્વરૂપ શાસ્ત્રની થોડીક વાનગીઓ

### જિજ્ઞાસુઓએ પ્રથમ શું કરવું

તત્ત્વ નિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી તથા કુક્ષેત્રી આદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. કહ્યું છે કે :—

न क्लेशो न धन व्ययो न गमनं देशान्तरे प्रार्थना।
केषांचिन्न बलक्षयो न तु भयं पीडा न कस्माश्च न॥
सावद्यं न न रोग जन्म पतनं नैवान्य सेवा न हि।
चिद्रूपं स्मरणे फलं बहुतरं किन्नाद्रियन्ते बुधाः॥

અર્થ :—ચિદ્રૂપ (જ્ઞાન સ્વરૂપ) આત્માનું સ્મરણ કરવામાં નથી કલેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાંતરે જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઈ તરફથી ભય કે પીડા થતી; વળી તે સાવદ્ય (પાપનું કાર્ય) નથી, રોગ કે જન્મ મરણમાં પડવું પડતું નથી, કોઈની સેવા કરવી પડતી નથી. આવી કોઈ મુશ્કેલી વિના જ્ઞાન સ્વરૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે તો પછી ડાહ્યા પુરુષો કેમ આદરતા નથી ?

વળી જે તત્ત્વ-નિર્ણયના સન્મુખ નથી થયા તેમને જાગ્રત કરવા ઠપકો આપ્યો છે કે :—

साहिणे गुरु जोगे जे ण सुणं तीह धम्म वयणाई।
ते धिट्ठ दुट्ठ चिता अह सुहडा भव भय विहुणा॥

અર્થ :—સ્વાધીન ગુરુનો યોગ મળવા છતાં જેઓ ધર્મ વચનોને સાંભળતા નથી તેઓ ધૃષ્ટ અને દુષ્ટ ચિત્તવાળા છે. અથવા તેઓ ભવ ભય રહિત (જે સંસાર ભયથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તેનાથી નહિ ડરનારા ઊંધા) સુભટો છે.

જેઓ શાસ્ત્રાભ્યાસ દ્વારા તત્ત્વનિર્ણય તો નથી કરતા અને વિષય કષાયના કાર્યોમાં જ મગ્ન છે તે તો અશુભોપયોગી મિથ્યાદષ્ટિ છે; તથા જે સમ્યગ્દર્શન વિના પૂજા, દાન, તપ, શીલ, સંયમાદિ વ્યવહાર ધર્મમાં (શુભભાવમાં) મગ્ન છે તે શુભોપયોગી મિથ્યાદષ્ટિ છે.

માટે ભાગ્યોદયથી જેઓ મનુષ્યપર્યાય પામ્યા છે, તેમણે તો સર્વ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને તેનું મૂળ કારણ તત્ત્વ નિર્ણય તથા તેનું પણ મૂળ કારણ શાસ્ત્રાભ્યાસ તે અવશ્ય કરવા યોગ્ય છે.



## સાધકની સાધનાધાર

### આ કાળે મુમુક્ષુઓના મહાભાગ્ય

પૂજ્ય ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન સાંભળવું એ જીવનનો એક લ્હાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે. અપૂર્વ કહે છે. એમના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું ક્યાંય સાંભળ્યું નથી.' પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોતપોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી લે છે. કેટલાકને સત્ પ્રત્યે રુચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

### વિહાર અને પ્રચાર-પ્રસાર તથા પ્રભાવનાના વિશેષ પ્રસંગો

સોનગઢમાં પરિવર્તન કર્યા પછીથી પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૫માં વર્ષ ઈ.સ. ૧૯૬૪ સુધીના જીવન વૃત્તાંત સાથે સંબંધ ધરાવતા કેટલાક પ્રસંગો સંક્ષેપમાં રજુ કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૫માં વર્ષ પછીના પ્રસંગો બધાને દૃષ્ટિગોચર છે તેથી આ જીવન ચરિત્રના અંતમાં મુખ્ય પ્રસંગોની સળંગ યાદી માત્ર રજૂ કરી છે. ભવિષ્યની પેઢી માટે હવે પછી તેને વિસ્તૃત વર્ણન સાથે પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન કરીશું.



સોનગઢથી બાર માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ના પોષ વદ તેરસ તા. ૧૮-૧-૧૯૩૯ના પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત પૂજ્ય ગુરુદેવશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫–ઈ.સ. ૧૯૩૯માં પૂજ્ય ગુરુદેવશ્રીનું રાજકોટ પધારવાનું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા પર અપૂર્વ પ્રવચનો કર્યા. પૂજ્ય ગુરુદેવશ્રીના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમજ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો.





રાજકોટથી સોનગઢ પાછા ફરતા પૂજ્ય ગુરુદેવશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. રાજકોટ જતાં તથા ત્યાંથી પાછા ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રી રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થયું હતું.

## શ્રી સીમંધરસ્વામી જિનમંદિર તથા શ્રી સમવસરણ મંદિર



वि.सं. 1997 (ई.स. 1941) में प्रतिष्ठित

સં. ૧૯૯૬ના વૈશાખ માસ—ઈ.સ. ૧૯૪૦માં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયાં. ત્યાર પછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાયમંદિર પાસે શ્રી સીમંધર ભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું. સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજ, તા. ૨૮-૨-૧૯૪૧ના માંગલિક દિને પ્રતિષ્ઠા મહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો.



શ્રી જિનમંદિર બંધાયા પછી બીજા વર્ષે થોડા મુમુક્ષુભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૧૯૯૮ના વૈશાખ વદ ૬, તા. ૬-૫-૧૯૪૨ના દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં.

(ક્રમશઃ) ❋



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—જો રાગનો આદર કરી લઈએ તો શું નુકસાન છે? આગમમાં રાગના આદરનો આટલો નિષેધ કેમ?**

ઉત્તર :—રાગનો જ્યાં આદર છે ત્યાં વીતરાગસ્વભાવનો –અનાદર છે, અને જ્યાં વીતરાગસ્વભાવનો અનાદર છે ત્યાં, તે વીતરાગસ્વભાવને પામેલા સર્વજ્ઞનો, તેને સાધનારા સાધુઓનો, તેમ જ તેનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રોનો પણ અનાદર તે ઊંધા અભિપ્રાયમાં સેવાઈ જાય છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની આજ્ઞા તો વીતરાગભાવની જ પોષક છે, તેને બદલે જેણે પોતાના અભિપ્રાયમાં રાગનું પોષણ કર્યું તેણે ખરેખર વીતરાગની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. બહારથી ભલે વીતરાગના ભક્તિ-પૂજા-બહુમાનનો શુભભાવ કરતો હોય પરંતુ અંતરમાં વીતરાગસ્વરૂપના અજ્ઞાનને લીધે તે પોતાના અભિપ્રાયમાં તો રાગનું જ સેવન ને રાગના જ ભક્તિ-પૂજા-બહુમાન કરી રહ્યો છે. આ ઊંધો અભિપ્રાય એ જ વીતરાગની મોટી વિરાધના અને મોટું પાપ છે, એનો ખ્યાલ જગતના જીવોને નથી આવતો.

**પ્રશ્ન :—પુણ્ય થાય એવો ક્યો ધંધો છે?**

ઉત્તર :—આ સાચા જૈનશાસ્ત્રોનું વાંચન-વિચાર-શ્રવણ કરે તો તેને પુણ્ય બંધાય ને તેમાં સાચી સમજણ કરે તો ચોરાશીની રખડપાટથી છૂટે.

**પ્રશ્ન :—સ્ત્રી–પુત્રાદિને ધૂતારાની ટોળી માનતા ઘરમાં ઝગડો થાય એવું છે.**

ઉત્તર :—પરદ્રવ્યને પોતાના માનવા એ જ અંદરમાં મિથ્યાત્વનો મોટો ઝગડો થાય છે, જેનાથી ચાર ગતિના દુઃખ ભોગવી રહ્યો છે. કુટુમ્બીજનો સ્વાર્થના સગા છે, એ તો હકીકત છે. પોતાના સ્વાર્થના પોષણ માટે પ્રેમ કરે છે એમ અંદરમાં સમજીને અંદરથી મમત્વ છોડવાનું છે. આ તો અનાદિના ઝગડા છોડવાની વીતરાગની વાત છે. ભાઈ! ૨૬મી જાન્યુઆરીને લોકો સ્વરાજ્ય દિન કહે છે, પરદ્રવ્યમાંથી સુખ લેવાની વાંછારૂપ દીનતા છોડી સ્વદ્રવ્યમાં સંતોષ માનવો એ ખરું સ્વરાજ્ય છે. તે અવિનાશી સ્વરાજ્યને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા છે તે સાચો રાજા-બાદશાહ છે. બહારના

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

રાજ્યનો ભોગવટો કરનાર રાજા-બાદશાહ તો પરમાંથી સુખ લેવાની આકુળતાની જ્વાળાને ભોગવે છે, આત્મશાંતિને ભોગવતો નથી.

**પ્રશ્ન :—વાદિરાજ મુનિરાજને સ્તુતિ કરતાં કોઢ મટી ગયો, માનતુંગાચાર્યને સ્તુતિ કરતાં જેલના તાળા તૂટી ગયા, સીતાજીને બ્રહ્મચર્યના કારણે અગ્નિનું જળ થઈ ગયું તેમ શાસ્ત્રમાં આવે છે ને?**

ઉત્તર :—પૂર્વના પુણ્યના યોગથી વાદિરાજમુનિને રોગ મટી ગયો અને માનતુંગાચાર્યને તાળા તૂટી ગયા અને સીતાજીને અગ્નિનું જળ થઈ ગયું હતું પણ તેનો આરોપ વર્તમાન પ્રભુભક્તિ અને બ્રહ્મચર્ય આદિ ઉપર કરવામાં આવે એવી પ્રથમાનુયોગની કથન પદ્ધતિ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તેનો ખુલાસો ઘણો કર્યો છે.

**પ્રશ્ન :—દ્રવ્યાનુયોગના પક્ષપાતી નિશ્ચયાભાસી હોઈ શકે?**

ઉત્તર :—હા, નિશ્ચયનું જ્ઞાન કરી લે પણ અનુભવ કરે નહિ અને પોતાને અનુભવી માની લે તો તે નિશ્ચયાભાસી છે.

**પ્રશ્ન :—ઘણા લોકો પૂછે છે કે મનુષ્યની ફરજ શું—માનવ ધર્મ શું?**

ઉત્તર :—અરે ભાઈ! સૌથી પહેલાં તો 'હું મનુષ્ય છું' એવી માન્યતા તે જ મોટો ભ્રમ છે. મનુષ્યપણું તે તો સંયોગી પર્યાય છે. જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ અસમાનજાતીય પર્યાય છે, તે આત્માનું સ્વરૂપ નથી. મનુષ્ય પર્યાય તે હું નથી, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું—એમ સમજવું તે આત્માની પહેલી ફરજ છે. ને તે પહેલો ધર્મ છે. મનુષ્યભવ પામીને કરવા જેવું હોય તો એ જ છે. આ સિવાય 'હું મનુષ્ય જ છું' એમ માનીને જે કાંઈ ક્રિયાકલાપ કરવામાં આવે તે બધોય વ્યવહારમૂઢ અજ્ઞાની જીવોનો વ્યવહાર છે.

**પ્રશ્ન :—અનંતકાળ ગયો પણ ન સમજ્યા, તો હવે શી રીતે સમજાય?**

ઉત્તર :—અનંતકાળથી આત્માને સમજ્યો નથી એટલે શું અત્યારે ન સમજાય? શું સમજવાની તાકાત ચાલી ગઈ છે? જેમ પાણી અગ્નિના નિમિત્તે સો વર્ષ સુધી ઊનું થવા છતાં, શું તેનો શીતળ સ્વભાવ ટળી ગયો છે? ચૂલા ઉપર પડેલું ઊનું પાણી ઊલટું થતાં તે જ અગ્નિનો નાશ કરવાની તાકાતવાળું છે. તેમ અનંતકાળથી ઊંધી રુચિના કારણે આત્માને સમજ્યો નથી. પણ હવે જો રુચિમાં ગુલાંટ મારે તો ક્ષણમાં સમજાય તેવું છે.

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—**દ્રવ્ય ગુણભેદને પણ સ્પર્શતું નથી, તો શું તેમાં ગુણો નથી?

**સમાધાન :—**ભેદ ઉપર દૃષ્ટિ આપવાથી વિકલ્પ ઊઠશે, માટે ભેદ ઉપરથી દૃષ્ટિને ઉઠાવી લે. પણ તેથી કરીને દ્રવ્યમાં ગુણ નથી અને પર્યાય પણ નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યમાં જો ગુણ-પર્યાય ન હોય તો વેદન કોનું? સ્વાનુભૂતિ કોની? જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણ કોના? દ્રવ્ય ભેદને સ્પર્શતું નથી માટે દ્રવ્યમાં કાંઈ છે જ નહીં એમ માને તો દ્રવ્ય એકલું સામાન્ય—કૂટસ્થ—શૂન્ય છે તેમ તેનો અર્થ થઈ જાય. કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ. દૃષ્ટિના બળથી આગળ જવાય છે પણ તેથી દ્રવ્યમાં કાંઈ છે જ નહિ એવો અર્થ નથી. સિદ્ધ ભગવાન પણ અનંત ગુણની અનંત પર્યાયમાં બિરાજે છે, તેમને અનંતી પર્યાયો સમયે—સમયે પ્રગટ્યા કરે છે, અગુરુલઘુરૂપે પણ પરિણમી રહ્યા છે, તેવો જ વસ્તુનો સ્વભાવ છે. પણ તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર. ગુણભેદમાં રોકાવાથી તું આગળ નહિ જઈ શકે, તેથી એક સામાન્ય મૂળ વસ્તુના અસ્તિત્વ ઉપર લક્ષ કર તેમ કહે છે. જો બધું કાઢી નાખીશ તો તત્ત્વ શૂન્યાકાર થઈ જશે, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ તત્ત્વ છે. ''ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તમ્ સત્'' તેવું દ્રવ્યનું સ્વરૂપ છે.

***પ્રશ્ન*** **:—**આત્માનો અનુભવ કરવાની ભાવના હોવા છતાં, આત્માનો આનંદ કેમ આવતો નથી?

**સમાધાન :—**પુરુષાર્થ કરતો નથી. ભાવના છે પણ સ્વભાવરૂપે પરિણમીને આગળ જવું જોઈએ તેમ જતો નથી, પોતે તે રૂપે પરિણમન કરવું જોઈએ. જ્ઞાતાધારા પ્રગટ કરી, કર્તાબુદ્ધિ છોડી જ્ઞાયકરૂપે પરિણમે તો આનંદ પ્રગટે; પણ જ્ઞાયકરૂપે પરિણમતો નથી. એકત્વબુદ્ધિ વિભાવ સાથે છે તો પછી આનંદરૂપે ક્યાંથી પરિણમે? ભાવના હોય, પણ ભાવના પ્રમાણે કાર્ય કરતો નથી.

***પ્રશ્ન*** **:—**આપ ટૂંકું કહો ને? ગોથાં બહુ ખવાય છે.

**સમાધાન :—**જ્ઞાનમાં બધા ભેદને જાણવા, પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરવી અને

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

સ્વમાં એકત્વબુદ્ધિ કરીને પરથી વિભક્ત થવું. હું એક ચૈતન્ય તત્ત્વ છું તે જાણી લેવું. અનંત ગુણ-પર્યાયોના અનંત ભેદો છે, તેની ઝાઝી અપેક્ષામાં ન રોકાતાં, મૂળ તત્ત્વને ગ્રહણ કરી લેવું કે મારું અસ્તિત્વ જ્ઞાયકરૂપે છે.

***પ્રશ્ન :*—દ્રવ્યદૃષ્ટિના જોરમાં પર્યાય ગૌણ કરવાની વાત આવે તેમાં એકાંત પકડાઈ જાય છે, રોકાઈ જવાય છે?**

**સમાધાન :**—હા, કોઈથી એકાંત પકડાઈ જાય છે. પર્યાયને જુદી માનવી કે ભેગી માનવી? એમ રોકાઈ-મૂંઝાઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિના જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે તે તેના જ્ઞાનમાં સમજાઈ જશે, યથાર્થ પરિણતિમાં તે આવી જાય છે. પર્યાયનું વેદન થાય છે. તેથી સમજાઈ જશે કે તે સર્વથા જુદી નથી. આખું દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય નવી પ્રગટ થાય છે ને વ્યય થાય છે તેવો તેનો ક્ષણિક સ્વભાવ છે. પણ તે સર્વથા જુદી નથી તેમ અપેક્ષાથી સમજવું. દ્રવ્યની જેમ પર્યાય શાશ્વત નથી, નવી નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. વળી જે વેદન થાય છે તે દ્રવ્યની જ પર્યાય છે, પણ તે ક્ષણ પૂરતી છે.

***પ્રશ્ન :*—સ્વભાવ હાથ આવતો નથી અને વિકલ્પનું જોર વધી જાય છે તો અમારે શું કરવું?**

**સમાધાન :**—સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો. ‘‘પ્રજ્ઞાથી જુદો કરવો અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો’’ આમ શાસ્ત્રમાં આવે છે અને ગુરુદેવ પણ એમ જ કહેતા હતા. વિકલ્પનું જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું. ચૈતન્યની પરિણતિનું જોર વધે તો વિકલ્પનું જોર તૂટે. પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો તે પોતાના હાથની વાત છે. વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું. વારંવાર આ જ અભ્યાસ કર્યા કરવો, તેમાં થાકવું નહિ.

***પ્રશ્ન :*—ધ્યાનમાં બેસીને જ્ઞાયકને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરીએ તો ગ્રહણ થતો નથી અને વિકલ્પ જ થયા કરે છે તો વિકલ્પનો નાશ કેમ કરવો તે કૃપા કરી બતાવશો.**

**સમાધાન :**—પહેલા વિકલ્પથી ભેદ કરવો. પછી જ્યારે ચૈતન્ય તરફ તેની પરિણતિનું જોર આવે, તેના તરફ જ તેની તમન્ના, લગની લાગે અને વિકલ્પમાં આકુળતા લાગે—ચેન પડે નહિ તો વિકલ્પ તૂટે. સ્વ તરફની દૃષ્ટિનું જોર થાય, પરિણતિની દોડ થાય અને પુરુષાર્થનું બળ થાય તો તે તરફ જાય. જ્યાં સુધી બહાર એકત્વબુદ્ધિમાં અટક્યા કરે,—ભલે બુદ્ધિમાં તત્ત્વને ગ્રહણ કર્યું હોય પણ એકત્વબુદ્ધિમાં અટકે—ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ. પોતામાં એકત્વબુદ્ધિ અને પોતાના સ્વભાવનું જોર થાય તો વિકલ્પ તૂટે.

## બાળ વિભાગ

# રાગથી વૈરાગ્ય તરફ

વજ્રબાહુકુમાર મનોદયા પ્રત્યે તીવ્ર પ્રેમને કારણે તેની સાથે સાસરે જવા લાગ્યો. રસ્તામાં મુનિરાજને દેખતા પોતાના પ્રમાદી જીવન પ્રત્યે વૈરાગ્ય થાય છે. તે સમયે તેના સાળા ઉદયસુંદરે મશ્કરી કરતા કહ્યું કે જો તમે મુનિ થતા હો તો હું પણ મુનિ થવા તૈયાર છું. આ સાંભળી વજ્રબાહુ આભૂષણ ઉતારી મુનિદીક્ષા માટે તત્પર થયા. આ જોઈ મનોદયા દીક્ષા ન લેવા વિનંતી કરે છે. પરંતુ નિકટભવ્ય વજ્રબાહુ કહે છે કે મુનિદશા ભવરોગને હરનારી છે માટે હું જરૂર મુનિદશા અંગીકાર કરું છું. તમારી જેવી ઈચ્છા હોય તેમ કરો...હવે આગળ

ઉદયસુંદર સમજી ગયો કે હવે વજ્રબાહુકુમારને રોકવાનું મુશ્કેલ છે....હવે તે દીક્ષા જ લેશે. છતાં મનોદયાના પ્રેમને લીધે કદાચ તે રોકાય–એમ ધારીને તેણે છેલ્લી દલીલ કરી : ''હે કુમાર ! આ મનોદયા ખાતર પણ તમે રોકાઈ જાઓ. તમારા વગર મારી બહેન અનાથ થઈ જશે. માટે તેના પર કૃપા કરીને આપ રોકાઈ જાઓ–હમણાં દીક્ષા ન લ્યો.''

પરંતુ મનોદયા પણ વીરપુત્રી હતી....તે કાંઈ રોવા ન બેઠી....તેણે પણ મક્કમ ચિત્તે કહ્યું : ''હે બંધુ ! તું મારી ચિંતા ન કર ! તેઓ જે માર્ગે જશે–હું પણ તે જ માર્ગે જઈશ. તેઓ વિષયભોગોથી છૂટીને આત્મકલ્યાણ કરશે, તો શું હું વિષયોમાં ડૂબી મરીશ ?–નહિ; હું પણ તેમની સાથે જ સંસાર છોડીને અર્જિકા બનીશ ને આત્માનું કલ્યાણ કરીશ. ધન્ય છે કે મને આત્મહિતનો આવો સુંદર અવસર મળ્યો ! રોકો મા ભાઈ, તમે કોઈને રોકો મા ! કલ્યાણના પંથે જનારને સંસારના માર્ગમાં ખેંચો મા ! અમે વૈરાગ્યમાર્ગે જઈએ છીએ, તમે પણ અમારી સાથે તે જ પંથમાં આવો.''

પોતાની બહેનની પણ આવી દૃઢતા દેખીને, હવે ઉદયસુંદરના ભાવમાં પણ એકાએક પરિવર્તન થઈ ગયું. તેણે જોયું કે મશ્કરી સત્ય બની રહી છે. તેણે કહ્યું : ''વાહ...વજ્રકુમાર ! અને વાહ મનોદયાબેન ! ધન્ય છે તમારી ઉત્તમ ભાવનાઓને ! તમે બંને અહીં જ દીક્ષા લેશો તો શું અમે તમને મૂકીને પાછા રાજ્યમાં જઈશું ?– નહિ; અમે પણ તમારી સાથે જ મુનિદીક્ષા લઈશું.''

ત્યાં તો, આ બધી વાતચિત સાંભળી રહેલા બીજા ૨૬ રાજકુમારો પણ એકી સાથે બોલી ઊઠ્યા કે અમે પણ વજ્રકુમારની સાથે જ દીક્ષા લેશું ! અને બીજીકોર મહિલાઓના

કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે ! ૩૯.

ટોળામાંથી રાજરાણીઓનો પણ અવાજ આવ્યો કે અમે બધા પણ મનોદયાની સાથે અર્જિકાવ્રત લઈશું.

બસ, ચારેકોર ખળભળાટ મચી ગયો...ગંભીર વૈરાગ્યનું વાતાવરણ ફેલાઈ ગયું. રાજસેવકો તો ગભરાટથી જોઈ રહ્યા છે કે આ બધું શું થઈ રહ્યું છે! આ બધા રાજકુમારોને તથા રાજરાણીઓને અહીં છોડીને એકલા એકલા રાજ્યમાં પાછા કઈ રીતે જવું ? જઈને આ રાજકુમારોના માતા-પિતાઓને શું જવાબ દેવો ?

તેઓ મુંઝાયા. છેવટે એક મંત્રીએ રાજપુત્રોને કહ્યું : ''હે કુમારો ! તમારી વૈરાગ્ય-ભાવનાને ધન્ય છે....પણ અમને મુશ્કેલીમાં ન મૂકો.....તમે અમારી સાથે પાછા ચાલો ને માતા-પિતાની રજા લઈને પછી દીક્ષા લેજો....''

વજ્રબાહુકુમારે કહ્યું : ''અરે, સંસારબંધનથી છૂટવાનો આવો અવસર આવ્યો, ત્યારે માતા-પિતાને પૂછવા કોણ રોકાય ? અમે ત્યાં આવીએ તો માતા-પિતા મોહવશ થઈને અમને રોકે; માટે તમે સૌ જાઓ, ને માતા-પિતાને સમાચાર કહી દેજો કે તમારા પુત્રો મોક્ષને સાધવા ગયા છે, માટે તમે દુઃખી ન થશો.''

ત્યારે મંત્રીએ કહ્યું : ''કુમારો ! તમે અમારી સાથે ભલે ન આવો; પરંતુ અમે માતા-પિતાને ખબર આપીએ ત્યાં સુધી અહીં રોકાઈ જાઓ.''

કુમારોએ કહ્યું : ''અરે, એક ક્ષણ પણ હવે આ સંસાર ન જોઈએ....જેમ પ્રાણ ઊડી ગયા પછી શરીર શોભતું નથી, તેમ અમારો મોહ છૂટી ગયા પછી હવે ક્ષણમાત્ર આ સંસાર ગમતો નથી''—આમ કહીને બધા કુમારો ચાલવા લાગ્યા....ને મુનિરાજ પાસે આવ્યા....

ગુણસાગર—મુનિરાજ પ્રત્યે હાથ જોડીને વિનયપૂર્વક નમસ્કાર કરીને વજ્રબાહુકુમારે કહ્યું : ''હે સ્વામી ! અમારું ચિત્ત સંસારથી અતિ ભયભીત છે; આપના દર્શનથી અમારું મન પવિત્ર થયું છે ને હવે અમે ભવસાગરને પાર કરનારી એવી ભગવતી દીક્ષા અંગીકાર કરીને આ સંસારના કીચડમાંથી બહાર નીકળવા ઇચ્છીએ છીએ; માટે હે પ્રભો ! અમને દીક્ષા આપો !''

જેઓ ચૈતન્ય સાધનામાં મગ્ન છે અને હમણાં જ સાતમેથી છઠ્ઠા ગુણસ્થાને આવ્યા છે—એવા તે મુનિરાજે રાજકુમારોની ઉત્તમ ભાવના જાણીને કહ્યું : ''હે ભવ્યો ! લ્યો, આ મોક્ષના કારણરૂપ ભગવતી જિનદીક્ષા ! તમે બધા અત્યંત નિકટભવ્ય છો કે તમને

વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને ! ૪૦.

મુનિવ્રતની ભાવના જાગી''—આમ કહીને આચાર્યદેવે વજ્રબાહુ સહિત ૨૬ રાજકુમારોને મુનિદીક્ષા આપી; રાજકુમારોએ કોમળ કેશનો સ્વહસ્તે લોચ કરીને પંચમહાવ્રત ધારણ કર્યા. રાજપુત્રી અને રાગપરિણતિ બંનેનો ત્યાગ કર્યો; દેહનો સ્નેહ છોડીને ચૈતન્યધામમાં સ્થિર થયા, ને શુદ્ધોપયોગી થઈને આત્મચિંતનમાં એકાગ્ર થયા. ધન્ય તે મુનિવરો !

બીજી બાજુ મનોવતીએ પણ પતિનો, ભાઈનો તેમજ સંસારનો મોહ છોડીને સર્વે આભૂષણ દૂર કરી વૈરાગ્યપૂર્વક અર્જિકાવ્રત ધારણ કર્યા. સાથે અનેક રાણીઓ પણ અર્જિકા થઈ, ને એકમાત્ર સફેદ સાડીથી ઢંકાયેલા દેહમાં ચૈતન્યની સાધના વડે શોભવા લાગી; રત્નમણિનાં આભૂષણ કરતાં શુદ્ધોપયોગનાં આભૂષણથી આત્મા વધારે શોભી ઊઠે છે; તે રીતે વજ્રકુમાર વગેરે સૌ મુનિદશામાં શુદ્ધોપયોગ વડે શોભવા લાગ્યા.

ધન્ય તે રાજપુત્રોને ! ધન્ય તે રાજરાણીઓને !

જ્યારે વજ્રકુમાર વગેરેની દીક્ષાના સમાચાર અયોધ્યા પહોંચ્યા ત્યારે તેના પિતા સુરેન્દ્રમન્યુ, તથા દાદા વિજય મહારાજા પણ સંસારથી વિરક્ત થયા : અરે, આવો નવપરિણીત યુવાન—પૌત્ર સંસાર છોડીને મુનિ થયો; ને હું વૃદ્ધ થવા છતાં હજી સંસારના વિષયોને નથી છોડતો ! આ રાજકુમારે તો સંસાર—ભોગોને તૃણવત્ સમજીને છોડી દીધા ને મોક્ષને અર્થે શાંતભાવમાં ચિત્તને સ્થિર કર્યું. ઉપરથી સુંદર લાગતા વિષયોનું ફળ બહુ કડવું છે. યુવાનદશામાં દેહનું જે રૂપ હતું તે પણ વૃદ્ધાવસ્થામાં કુરૂપ થઈ ગયું. દેહ અને વિષયો ક્ષણભંગુર છે, આમ જાણવા છતાં હું વિષયભોગોના કૂવામાં ડૂબ્યો રહું તો મારા જેવા મૂર્ખ કોણ ?—આમ વિચારી બાર વૈરાગ્ય ભાવના ભાવી, સર્વે જીવો પ્રત્યે ક્ષમાભાવપૂર્વક તે વિજયરાજા તથા તેનો પુત્ર પણ જિનદીક્ષા લઈ મુનિ થયા...પૌત્રના પંથે દાદાએ પ્રયાણ કર્યું, ધન્ય જૈનમાર્ગ !

વિજયરાજાએ દીક્ષા લેતા પહેલાં રાજ્ય વજ્રકુમારના ભાઈ પુરંદરને સોંપ્યું. પુરંદર રાજાએ રાજ્ય પોતાના પુત્ર કીર્તિધરને સોંપીને દીક્ષા લીધી; તે કીર્તિધરે પણ, પંદર દિવસની વયના પુત્ર સુકૌશલને રાજતિલક કરીને જિનદીક્ષા લઈ લીધી; અને તે સુકૌશલકુમારે પણ, ગર્ભસ્થબાળકને રાજતિલક કરીને પોતાના પિતાની પાસે જ દીક્ષા અંગીકાર કરી...એટલું જ નહિ પણ તેની મા વાઘણ થઈને તેને ખાઈ ગઈ તોપણ તે આત્મધ્યાનથી ન ડગ્યા ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા. (ત્યાર પછી આગળ જતાં દશરથરાજા, શ્રી રામચંદ્ર વગેરે પણ તે જ વંશમાં થયા)

**કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને ! ૪૧.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

✽ **નંદીશ્વર અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ-૭, તા. ૬-૦૭-૨૦૨૨, બુધવારથી અષાઢ સુદ-૧૫, તા. ૧૩-૭-૨૦૨૨ બુધવાર સુધી સુવર્ણપુરીમાં શ્રી નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર વિધાન પૂજા તથા ભક્તિની વિશેષ આરાધનાપૂર્વક ઊજવવામાં આવશે.

✽ **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, ગુરુવાર, તા. ૧૪-૭-૨૦૨૨ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

✽ ઉમરાળા નિવાસી (હાલ માટુંગા) સ્વ. અરવિંદ નંદલાલ મહેતાના ધર્મપત્ની સુમનબેન (ઉં.વ. ૭૬)નું તા. ૧-૬-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✽ ભાવનગર નિવાસી દેવિયાનીબહેન હર્ષદભાઈ શાહ (ઉં.વ. ૮૬)નું તા. ૧૮-૬-૨૦૨૨ના રોજ શાંતિપૂર્વક દેહપરિવર્તન થયેલ છે. તેઓએ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ રહીને આધ્યાત્મિક લાભ લીધો હતો.

✽ ભાવનગર નિવાસી હર્ષદભાઈ શાંતિલાલ શાહ (ઉં.વ. ૮૯)નું તા. ૨૧-૬-૨૦૨૨ના રોજ શાંતિપૂર્વક દેહપરિવર્તન થયેલ છે. તેમણે અંતિમ ઘણા વર્ષો સોનગઢમાં રહીને આધ્યાત્મિક લાભ લીધેલ હતો.

### આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## (૧૦૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો)

(૧) મહાભારતનું યુદ્ધ ................. દિવસ ચાલ્યું હતું.

(૨) ણમોકાર મંત્રને સૌથી પહેલાં લિપિબદ્ધ .................. અને .................. મુનિરાજે કરેલ હતું.

(૩) ................ આ એક એવું સ્થાન છે જ્યાં ત્રણે ગતિના જીવ એક સાથે હોય છે.

(૪) મૂઢતા .................. પ્રકારની હોય છે.

(૫) અલોકાકાશને પણ આકાર હોય છે તે ................ ગુણની યથાર્થતા બતાવે છે.

(૬) ચોથા ગુણસ્થાનવાળાને ........................ ચારિત્ર હોય છે.

(૭) ભરતક્ષેત્રમાં નારદ મુનિની સંખ્યા ................ હોય છે.

(૮) સોમાસતીના ગળામાં નાગનો હાર બનવાનો પ્રસંગ ..............માં થયો હતો.

(૯) સંસ્કૃતભાષાનો સૌ પ્રથમ જૈનગ્રંથ ..................... છે.

(૧૦) આચાર્ય સમંતભદ્રસ્વામીએ સ્વયંભૂ સ્તોત્રની રચના .............. માં કરી હતી.

(૧૧) દ્રવ્યમાં નવીન ................... ની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

(૧૨) જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર .................. શાસ્ત્રમાં આવે છે.

(૧૩) લક્ષ ચોરાશી યોનીમાં, ભમિયો કાળ અનંત,
પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાંત.
આ ગાથા ....................... શાસ્ત્રની છે.

(૧૪) જ્યાં ૧૪૦૦ કલાકારો અને ૧૨૦૦ મજુરોએ ૧૪ વર્ષ સુધી એક ભવ્ય જિનમંદિર બનાવ્યું છે તે સ્થાન ...................... છે.

(૧૫) કર્તા-કર્મભાવ ....................... દ્રવ્ય વચ્ચે હોય છે.

(૧૬) પર્યાય પરની દૃષ્ટિ છોડી ..................... ઉપર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.

(૧૭) જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવ હોય ત્યાં જ ........................ ભાવ હોય છે.

(૧૮) આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની.
આ ગાથા ..................... શાસ્ત્રની છે.

(૧૯) પર્યાય અપેક્ષાએ ...................... અનિત્ય છે.

(૨૦) માંગીતુંગી આ તીર્થક્ષેત્ર ........................ પ્રાંતમાં આવેલ છે.

## (૧૦૭)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(નાના બાળકોના જોડકા)

ક્યા ભગવાન ક્યાંથી મોક્ષ ગયા છે ?

| | | | |
|---|---|---|---|
| (૧) | સમ્મેદશિખરજી | (૧) | જંબૂસ્વામી |
| (૨) | પાવાપુરી | (૨) | ઈન્દ્રજિત, કુંભકર્ણ |
| (૩) | ચંપાપુરી | (૩) | બાલી, મહાબાલી, નાગકુમાર |
| (૪) | ગિરનારજી | (૪) | સાત બલભદ્ર |
| (૫) | કૈલાસ પર્વત | (૫) | વીસ જિનેશ્વર |
| (૬) | માંગીતુંગી | (૬) | રામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ |
| (૭) | શત્રુંજય | (૭) | નંગ, અનંગકુમાર |
| (૮) | પાવાગઢ | (૮) | તીન પાંડવ મુનિરાજ |
| (૯) | કુંથલગિરિ | (૯) | મહાવીર ભગવાન |
| (૧૦) | સોનાગિરિ | (૧૦) | શંબુ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ |
| (૧૧) | ગજપંથા | (૧૧) | નેમિનાથ ભગવાન |
| (૧૨) | સિદ્ધવરકૂટ | (૧૨) | વરદત્ત આદિ પાંચ ઋષિરાજ |
| (૧૩) | દ્રોણગિરિ | (૧૩) | વાસુપૂજ્ય ભગવાન |
| (૧૪) | મથુરા | (૧૪) | આદિનાથ ભગવાન |
| (૧૫) | ગિરનાર શિખર | (૧૫) | સુવર્ણભદ્રાદિ ચાર મુનિ |
| (૧૬) | બડવાની | (૧૬) | ગુરુદત્તાદિ મુનિશ્વર |
| (૧૭) | અષ્ટાપદ | (૧૭) | લવ, કુશ મુનિરાજ |
| (૧૮) | રેસંદીગિરિ | (૧૮) | બે ચક્રી દસ કામકુમાર |
| (૧૯) | પાવાગીરીવર | (૧૯) | બાહુબલીજી |
| (૨૦) | પોદનપુર | (૨૦) | દેશભૂષણ, કુલભૂષણ મુનિરાજ |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જૂન– ૨૦૨૨ના ઉત્તર

(૧) શાંતલસા (શાંતા)
(૨) અજિતનાથ, અભિનંદનનાથ, અનંતનાથ, અરહનાથ, અતિવીર
(૩) સતી સીતા
(૪) તેરમા
(૫) ઋષભદેવ, સંભવનાથ, અભિનંદનનાથ, પદ્મપ્રભ, ચંદ્રપ્રભ
(૬) પહેલે
(૭) બારમા
(૮) પ્રમેયત્વ
(૯) દ્રવ્યત્વ
(૧૦) જ્ઞાન
(૧૧) અજીવ
(૧૨) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય
(૧૩) મતિ
(૧૪) મિથ્યાત્વ
(૧૫) સુભૌમ ચક્રવર્તી
(૧૬) જીવ પુદ્ગલ
(૧૭) ભરત ચક્રવર્તી
(૧૮) વજ્રવૃષભનારાચ
(૧૯) ૧૫
(૨૦) મધ્યપ્રદેશ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન – ૨૦૨૨ના ઉત્તર

(૧) ચેતન – જડ
(૨) દર્શન-જ્ઞાન-સુખ ચારિત્ર
(૩) મોહ – દુઃખી
(૪) આકુલતા – દુઃખ
(૫) ચૈતન્ય – સુખ
(૬) રાગ – ચેતન
(૭) જ્ઞાન
(૮) બંધ
(૯) આકુળતા – શાંતિ
(૧૦) વીતરાગવિજ્ઞાન
(૧૧) પુણ્ય
(૧૨) મિથ્યાત્વ
(૧૩) બંધન–આત્મા–મુક્તિ
(૧૪) રાગ–ચૈતન્ય
(૧૫) દુઃખદાયક
(૧૬) મોક્ષ–અજ્ઞાન
(૧૭) આનંદ–ચેતન
(૧૮) આત્મા – આનંદ
(૧૯) રુચિ–આત્મા –જડ
(૨૦) ચૈતન્ય અનુભવ

**શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડી પંચ મુમુક્ષુ મંડળ, દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૯મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૯મી જન્મજયંતી આ વર્ષે શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડી પંચ મુમુક્ષુ મંડળ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૯મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન શ્રાવણ સુદ ૧૨, તા. ૯-૮-૨૦૨૨, મંગળવારથી શ્રાવણ વદ-૨ તા. ૧૩-૮-૨૦૨૨, શનિવાર—પાંચ દિવસ સુધી શ્રી સિદ્ધચક્ર મંડળ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવ-રસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૪-૭-૨૦૨૨, ગુરુવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.)

નિમંત્રક :
શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડી
પંચ મુમુક્ષુ મંડળના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં (જ્ઞાયકપણું) અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે. ૫૧૭.

● પ્રશ્ન : એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો ?

ઉત્તર : પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞતાનો પ્રાણ છે. ૫૧૮.

● પ્રશ્ન : યોગસારમાં પુણ્યને પણ પાપ કેમ કહ્યું છે ?

ઉત્તર : પુણ્ય છે તો શુભરાગ પણ તે સ્વરૂપથી પતિત કરે છે તેથી ત્યાં કહ્યું છે કે 'પાપને તો પાપ જગ સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે છે.' જયસેન આચાર્યે પણ કહ્યું છે કે પુણ્ય છે તે અશુભથી બચાવે છે પણ શુદ્ધ સ્વરૂપથી પછાડે છે-પતિત કરે છે. તેથી પુણ્યને પણ પાપ કહ્યું છે. પાપનો અધિકાર છે છતાં તેમાં પુણ્યને પાપ કહ્યું છે. અહીં તો જેને આત્માનું હિત કરવું હોય તેની વાત છે બાકી તો અનંતવાર શુભ કરીને નવમી ગ્રૈવેયક ગયો પણ એક ભવ ઘટ્યો નહિ. ૫૧૯.

● પ્રશ્ન : આત્માને ઓળખ્યો ન હોય ને શુભરાગને ઝેર કહેવાથી સ્વચ્છંદી ન થઈ જાય ?

ઉત્તર : અજ્ઞાની સ્વચ્છંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વચ્છંદ છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં છૂટતો નથી, શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે. ૫૨૦.

● પ્રશ્ન : ધારણાજ્ઞાનમાં યથાર્થ જાણે તો સમ્યક્ સન્મુખતા કહેવાય ?

ઉત્તર : ધારણાજ્ઞાનમાં દૃઢ સંસ્કાર અપૂર્વ રીતે પાડે, પૂર્વે કદી નહિ કરેલ એવા અપૂર્વ રીતે સંસ્કાર પાડ્યા હોય તો સમ્યક્ સન્મુખતા કહેવાય. ૫૨૨.

આત્મધર્મ
જુલાઈ-૨૦૨૨
અંક-૧૧ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-7-2022
Posted on 1-7-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org